For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### તહેવારો દરમિયાન નશાના જથ્થાના વેચાણનું કાવતરું, સુરેન્દ્રનગરના સપ્લાયર સહિત ત્રણની ધરપકડ

# વડોદરા સહિત ગુજરાતનાં અનેક શહેરોના સ્પા સેન્ટરોમાં સપ્લાય થવાનું હતું MD ડ્રગ્સ, રાજસ્થાનમાં NCBના દરોડા

**સ્પામાં** કામ કરતી યુવતીઓને પ્રતિ પડીકી રૂ. 500 કમિશન આપીને કરાવાતો વેચાણ?

**1.50** લાખના ડ્રગ્સમાંથી રૂ. 5થી 7 લાખની કમાણી કરવાનો ટાર્ગેટ



#### ગુજરાતમાં સપ્લાયની કડીઓ શોધવા તપાસ તેજ

NCB હવે ડ્રગ્સ ક્યાંથી મેળવવામાં આવ્યું હતું, ગુજરાતમાં કોને પહોંચાડવાનું હતું અને અગાઉ કોઈ સપ્લાય થયો હતો કે નહીં તેની તપાસ કરી રહી છે. વડોદરા સહિત વિવિધ શહેરોમાં કેટલાં સ્થળો સુધી ડ્રગ્સ પહોંચાડવાનું આયોજન હતું તે પણ તપાસનો વિષય છે. NCBના જોધપુર ઝોનલ યુનિટના ડિરેક્ટર ઘનશ્યામ સોનીના જણાવ્યા અનુસાર, ડ્રગ્સના સપ્લાય અને વિતરણની પદ્ધતિ અંગે તપાસ ચાલી રહી છે. જોકે, કોઈ ચોક્કસ સ્પા સેન્ટર કે ત્યાં કામ કરતી વ્યક્તિની સંડોવણી અંગે સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આરોપોની સત્યતા તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

(પ્રતિનિધિ) વડોદરા તા.17

ગુજરાતમાં નવરાત્રિ અને તહેવારો દરમિયાન વડોદરા સહિત અમદાવાદ, સુરત, આણંદ, નડિયાદ અને ખેડા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આવેલા સ્પા અને મસાજ સેન્ટરો સુધી MD ડ્રગ્સ પહોંચાડવાના કથિત નેટવર્કનો પર્દાફાશ થયો છે. રાજસ્થાનના જોધપુર સ્થિત નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)ના ઝોનલ યુનિટે 'ઓપરેશન સુરક્ષા કવચ' હેઠળ 100 ગ્રામથી વધુ MD ડ્રગ્સ સાથે ત્રણ શખસોની ધરપકડ કરી છે.

NCBની કાર્યવાહી દરમિયાન સુરેન્દ્રનગરના ગોપાલ સેલાભાઈ અને રાજસ્થાનના બાડમેરના સુરેન્દ્ર અશોકકુમાર આચાર્ય તથા હનુમાનારામ ઝડપાયા હતા. પ્રાથમિક તપાસ મુજબ, હનુમાનારામે આશરે રૂ.1.50 લાખમાં MD ડ્રગ્સ ખરીદ્યું હતું. ત્યારબાદ ત્રણેય ગુજરાત પાસિંગની હ્યુન્ડાઇ એસેન્ટ કારમાં સુરેન્દ્રનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે NCBએ તેમને ઝડપી લીધા હતા. તપાસમાં ગોપાલની કથિત સપ્લાયર તરીકેની ભૂમિકા અંગે પણ વિગતો સામે આવી છે.

તપાસમાં એવો આક્ષેપ સામે આવ્યો છે કે સ્પા અને મસાજ સેન્ટરોમાં કામ કરતી યુવતીઓને પ્રતિ પડીકી રૂ.500 કમિશન આપીને ડ્રગ્સનું વેચાણ કરાવવાનું આયોજન હતું. એક પડીકી રૂ.2,000માં વેચવાની યોજના હતી. આશરે રૂ.1.50 લાખના ડ્રગ્સમાંથી રૂ.5થી 7 લાખ સુધીની કમાણી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હોવાનો તપાસમાં દાવો કરાયો છે.

### સનફાર્મા રોડ પર કાર-એક્ટિવા વચ્ચે અકસ્માત

# કારમાં એક્ટિવા ઘૂસી જતાં ચાલક ઘાયલ ડેકીમાંથી દારૂના બે કવોટર અને રોકડ મળી

**અટલાદરા** પોલીસે તપાસ હાથ ધરી





(પ્રતિનિધિ) વડોદરા, તા.17

વડોદરાના સનફાર્મા રોડ ઉપર આવેલા ઝીરો સર્કલ પાસે કાર અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ તપાસ કરતા ડેકીમાંથી દારૂની બે બોટલ અને રોકડ મળી આવી હતી. બનાવને પગલે અટલાદરા પોલીસે ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડી આગળની તપાસ હાથ ધરી હતી.

પાછળથી પૂરઝડપે આવી રહેલા એક્ટિવા ચાલકે કાબૂ ગુમાવતાં તેની એક્ટિવા આગળ જઈ રહેલી ફોર વ્હીલ કારમાં જોરદાર રીતે ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં એક્ટિવા ચાલકને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને તાત્કાલિક 108 ને જાણ કરવામાં આવી હતી. એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ આ અકસ્માત અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં વર્દી મળતાં 112 ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થળ પર અકસ્માતગ્રસ્ત એક્ટિવાની તપાસ હાથ ધરતાં તેની ડેકીમાંથી દારૂના બે કવોટર અને 900 રૂપિયા રોકડા મળી આવ્યા હતા. દારૂની બોટલો મળતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પ્રાથમિક તપાસમાં એક્ટિવા ચાલક નશામાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારબાદ 112 ની ટીમે સમગ્ર મુદ્દામાલ સાથે આ મામલો અટલાદરા પોલીસ સ્ટેશનને સુપરત કર્યો છે. અટલાદરા પોલીસે દારૂનો જથ્થો કબજે કરી પ્રોહિબિશન અને અકસ્માત અંગે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પિલોલ-સમલાયા વચ્ચે રેલવે ક્રોસિંગ નં.૧૨ સાત દિ' બંધ રહેશે

**અલિન્દ્રા** પાસે સમારકામના કારણે તા.૧૮ થી ૨૪ ઓક્ટોબર સુધી વાહન વ્યવહાર બંધ,વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ આવતા પિલોલ-સમલાયા સ્ટેશનો વચ્ચે અલિન્દ્રા સ્ટેશન પાસે આવેલું રેલવે ક્રોસિંગ નંબર 12 સમારકામના કારણે સાત દિવસ સુધી બંધ રહેશે. આ અંગે વડોદરા રેલવે મંડળે પ્રવાસીઓ, વાહનચાલકો અને રાહદારીઓને સૂચનાની નોંધ લેવા તથા સહકાર આપવા અપીલ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ભારે રોડ ટ્રાફિકના કારણે લેવલ ક્રોસિંગની રોડની સપાટી ઝડપથી ખરાબ થઈ રહી હતી, જેને તાત્કાલિક મેન્ટેન કરવી જરૂરી બની ગઈ હતી. આથી તા. 18 ઓક્ટોબર રવિવારે સવારે 7 વાગ્યાથી તા. 24 ઓક્ટોબર શનિવારે સાંજે 7 વાગ્યા સુધી આ ક્રોસિંગ માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સમયગાળા દરમિયાન આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકો અને રાહદારીઓએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડશે. વૈકલ્પિક વ્યવસ્થા તરીકે વાહનચાલકો સમલાયા સ્ટેશન રોડ ઓવરબ્રિજ, ખોખર ગામ રેલવે અન્ડરપાસ અને પિલોલ રેલવે સ્ટેશન અન્ડરપાસ પરથી અવરજવર કરી શકશે. ખાસ કરીને રોજિંદા અવરજવર કરતા લોકો અને સ્થાનિક રહેવાસીઓએ મુસાફરીનું આયોજન અગાઉથી કરી લેવું હિતાવહ છે, જેથી સમયનો બગાડ અને ટ્રાફિકની અસુવિધા ટાળી શકાય. રેલવે પ્રશાસને સમારકામની કામગીરી ઝડપથી અને સુરક્ષિત રીતે પૂર્ણ કરવા માટે નાગરિકોનો સહકાર માગ્યો છે. આ કામગીરી દરમિયાન રેલવે ક્રોસિંગ પાસે વાહન લઈને પહોંચતા પહેલાં વૈકલ્પિક રસ્તાની માહિતી મેળવી લેવી અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જરૂરી રહેશે.

# કામરોલમાં ઊંચાઈ પરથી પટકાયેલા યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના કામરોલ ગામે કામ દરમિયાન ઊંચાઈ પરથી પટકાયેલા 38 વર્ષીય શ્રમજીવીનું 21 દિવસની સારવાર બાદ મોત નીપજ્યું છે. સુલ્તાનપુરા ગામના રહેવાસી રણજીતસિંહ ચૌહાણનું વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થતાં પરિવારમાં શોક છવાયો છે.

મળતી માહિતી મુજબ, રણજીતસિંહ ગત 25 સપ્ટેમ્બરે કામરોલ ગામે કામકાજ કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ ઊંચાઈ પરથી નીચે પટકાતાં માથા, કમર અને શરીરના આંતરિક ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ સઘન સારવાર ચાલી રહી હતી. જોકે, સારવાર દરમિયાન તેમની તબિયત વધુ લથડતાં ગત રોજ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### માર્કેટ ચાર રસ્તા પર ટ્રાફિકને નડતરરૂપ દબાણો દૂર કરતી વખતે દાદાગીરી

# દબાણ શાખાની કાર્યવાહી સામે વેપારીઓનો ભારે વિરોધ, કર્મચારીઓ સાથે ઝપાઝપી

**પાલિકા** દ્વારા કાયદેસરની FIR આપવાની તજવીજ



(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં દબાણ અને ટ્રાફિકની સમસ્યા દૂર કરવા પાલિકા દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. દરમિયાન વોર્ડ નંબર 13ના ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી વખતે પાલિકાની ટીમ અને વેપારીઓ વચ્ચે ઘર્ષણ થયાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં કર્મચારીઓ સાથે ગાળાગાળી, ઝપાઝપી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપો થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાલિકાની દબાણ શાખા દ્વારા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં રસ્તા પર ગેરકાયદેસર દબાણ કરીને ધંધો કરતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રસ્તા પરના દબાણને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાથી ટીમે માલસામાન જપ્ત કરવાની કામગીરી શરૂ કરી હતી. જોકે, આ કાર્યવાહીનો ત્રણથી ચાર વેપારીઓએ વિરોધ કરતાં મામલો ઉગ્ર બન્યો હતો.

પાલિકાના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, દબાણ હટાવવા માટે આશરે 12થી 13 કર્મચારીઓની ટીમ સ્થળ પર હાજર હતી. જપ્ત કરેલો માલસામાન વાહનમાં ભરવામાં આવી રહ્યો હતો ત્યારે કેટલાક વેપારીઓએ બળજબરીપૂર્વક માલસામાન પાછો ઉતારી લીધો હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં, સરકારી વાહનની ચાવી છીનવી લેવામાં આવી હતી અને કર્મચારીઓ સાથે ઝપાઝપી તથા ઉગ્ર બોલાચાલી કરવામાં આવી હોવાની પણ માહિતી મળી છે.

સરકારી ફરજમાં અડચણ ઊભી કરવા અને કર્મચારીઓને ધમકી આપવાના આક્ષેપોને પાલિકા તંત્રે ગંભીરતાથી લીધા છે. આ અંગે ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી છે. સંબંધિત વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા નવાપુરા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# CBSE સ્કૂલોને વિદ્યાર્થીઓની યાદી ૨૧મી ઓકટો. સુધી સોંપવી ફરજિયાત

**લેટ** ફી વગર LOC જમા કરાવવા બોર્ડનો આદેશ, ભૂલ કરનાર સ્કૂલ સામે કાર્યવાહીની ચેતવણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ 2027માં લેવાનારી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષા માટે મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે. બોર્ડે તમામ સંલગ્ન શાળાઓને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની યાદી એલઓસી વિના વિલંબે રજૂ કરવા માટે તાકીદ કરી છે. એલઓસી જમા કરાવવાની છેલ્લી તારીખ 21 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે. આ સમય મર્યાદામાં કોઈપણ પ્રકારની લેટ ફી વગર યાદી જમા કરાવવાની રહેશે.

પ્રાપ્ત વિગતો અનુસાર વિદ્યાર્થીઓએ તેમના નામ, પિતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, જાતિ, કેટેગરી સહિતની તમામ માહિતી સાચી રીતે ભરવાની રહેશે. જો શાળા દ્વારા એલઓસી જમા કરાવ્યા બાદ કોઈ ભૂલ ધ્યાને આવે તો સુધારાની તક પણ આપવામાં આવશે નહીં, તેવી સ્પષ્ટતા બોર્ડે કરી છે.

આ ઉપરાંત એલઓસીમાં કોઈ વિષય કે માધ્યમમાં ભૂલ કરનાર શાળાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શાળાઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ એલઓસી ભરતા પહેલા તમામ વિગતોની ચકાસણી કરી લે. બોર્ડ દ્વારા જણાવાયું છે કે 22 ઓક્ટોબરથી 30 ઓક્ટોબર સુધી લેટ ફી સાથે એલઓસી જમા કરાવી શકાશે, જ્યારે 7 નવેમ્બરથી 4 નવેમ્બર સુધી સુધારા માટે વિંડો ઓપન કરવામાં આવશે. નોંધણી પ્રક્રિયા અને એલઓસીની કામગીરી બાદ મહત્વના સમયપત્રક માટે સીબીએસઈ દ્વારા 29 સપ્ટેમ્બરથી રોજ ખાસ ઓનલાઈન વેબિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# વિદ્યાસહાયક ભરતીના ત્રીજા તબક્કા માટે ૨૨મી સુધી પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાસહાયક ભરતી-2026 (ધોરણ 1થી 5 ગુજરાતી માધ્યમ) અંતર્ગત ત્રીજા તબક્કા માટે મહત્વની સૂચના જાહેર કરી છે. તા. 1 એપ્રિલની જાહેરાત હેઠળ ભરતીમાં જિલ્લા એલોટમેન્ટ માટેની બીજી યાદીનું મેરીટ જાહેર કરવામાં આવ્યું છે.

સૂચના મુજબ, ઉમેદવારોએ જિલ્લા પસંદગી માટે તા. 22 ઓક્ટોબર સુધીમાં ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ઉમેદવારોને જિલ્લા પસંદગીની તારીખ, સમય, સ્થળ અને કોલલેટર અંગેની માહિતી આપવામાં આવશે.

આ ભરતી પ્રક્રિયામાં ધોરણ 1થી 5 માટે કુલ 54,938 જગ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભરતીમાં અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતની જોગવાઈ છે.

### કંપનીના એન્જિનિયર અને મકાનમાલિક વચ્ચે ચેક બાબતે વિવાદ

# રી-ડેવલપમેન્ટના રિટર્ન ચેક મુદ્દે અગ્રવાલ સ્વીટમાં ભારે બબાલ બાદ મારામારી

**દુકાનમાં** તોડફોડ અને જાનથી મારી નાખવાની ધમકીના આક્ષેપો

#### પિતા-પુત્રે ગળુ દબાવી મારી નાંખવાની ધમકી આપી

નિસર્ગ રાજપૂતે ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે દુકાનમાંથી બહાર નીકળતી વખતે મુકેશ અને કુણાલ અગ્રવાલે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. મુકેશે તેમનું ગળું દબાવી ખિસ્સામાંથી ચેક ઝૂંટવી લીધો હતો. પિતા-પુત્રએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. ચેકના નાણાકીય વિવાદમાં બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ બંને પક્ષે કરેલા આક્ષેપોની તપાસ કરી રહી છે. તપાસના અંતે સમગ્ર ઘટનાની હકીકત અને જવાબદારી નક્કી થશે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

વડોદરામાં બરોડા ડેરી સામે આવેલી અગ્રવાલ મિલ્ક એન્ડ સ્વીટ સેન્ટરમાં રી-ડેવલપમેન્ટના રિટર્ન થયેલા ચેકને લઈને વિવાદ વકર્યો છે. સુરુચિ ઈન્ફ્રાના સિવિલ એન્જિનિયર નિસર્ગ રાજપૂત અને દુકાનના સંચાલક કુણાલ અગ્રવાલ વચ્ચે થયેલી બોલાચાલી બાદ બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવી છે. એક પક્ષે મારામારી, તોડફોડ અને જાનથી મારી નાખવાની ધમકીના, જ્યારે બીજા પક્ષે ગાળાગાળી, મારામારી અને ચેક ઝૂંટવી લેવાના આક્ષેપો કર્યા છે.

કુણાલ અગ્રવાલની ફરિયાદ મુજબ, તેમની માતાનું પાર્થ કોમ્પ્લેક્સમાં આવેલું મકાન રી-ડેવલપમેન્ટ માટે સુરુચિ ઈન્ફ્રાને આપવામાં આવ્યું છે. અગાઉ આપવામાં આવેલો ચેક રિટર્ન થતાં 16 ઓક્ટોબરે બપોરે આશરે 12.15 વાગ્યે કંપનીના કર્મચારી નિસર્ગ રાજપૂત દુકાને ચેક પરત આપવા અને નવા ચેક અંગે વાત કરવા આવ્યા હતા. આ દરમિયાન કુણાલે રિટર્ન થયેલો ચેક પરત માગતાં બોલાચાલી થઈ હતી. નિસર્ગે ફોન કરીને અન્ય લોકોને બોલાવ્યા હોવાનો આક્ષેપ છે.

કુણાલે ફરિયાદમાં જણાવ્યું છે કે નિસર્ગના મામા સહિતના શખસોએ તેમને દુકાનની બહાર ખેંચી જઈ માર માર્યો હતો. વચ્ચે પડેલા તેમના પિતા મુકેશ અગ્રવાલને પણ માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. દુકાનના કાઉન્ટરનો કાચ તોડવા ઉપરાંત ઈંટો અને પથ્થરો ફેંકીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ ઘટનામાં આશરે રૂ. 1.50 લાખનું નુકસાન થયું હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

# યુજીસી નેટ પરીક્ષા ૧૪થી ૨૧ ડિસેમ્બર દરમિયાન યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ યુજીસી નેટ ડિસેમ્બર સત્રની પરીક્ષાના કાર્યક્રમ અને નિયમોમાં ફેરફાર જાહેર કર્યા છે. સુધારેલા કાર્યક્રમ મુજબ પરીક્ષા 14થી 18 ડિસેમ્બર અને 21 ડિસેમ્બર, 2026ના રોજ યોજાશે.

પરીક્ષા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા 8 ઓક્ટોબરથી શરૂ થઈ છે. ઉમેદવારો 28 ઓક્ટોબર સુધી નિયમિત ફી સાથે અરજી કરી શકશે. 29થી 31 ઓક્ટોબર દરમિયાન રૂ. 500ની લેટ ફી સાથે ફોર્મ ભરી શકાશે. અરજીમાં સુધારા માટે 2થી 4 નવેમ્બરનો સમય નક્કી કરાયો છે. ઉમેદવારો અરજી વખતે ચાર પરીક્ષા શહેર પસંદ કરી શકશે. પરીક્ષા કેન્દ્ર પર પેન આપવામાં આવશે. પાત્ર દિવ્યાંગ ઉમેદવારોને લેખક અને નિયમ મુજબ વધારાના સમયની સુવિધા મળશે. ડાયાબિટીસ ધરાવતા ઉમેદવારોને નિર્ધારિત નિયમો હેઠળ શુગર ટેબ્લેટ, આખાં ફળ અને પારદર્શક પાણીની બોટલ લઈ જવાની મંજૂરી રહેશે.

### ઝેનિથ સ્કૂલ પાસે ત્રિમૂર્તિ ફ્લેટ દીવાલ નજીક ચાલતો હતો ધંધો

# પ્રતાપનગરમાં વરલી મટકાના જુગાર પર SMCનો દરોડો: ૬ ઝડપાયા, ૩ વોન્ટેડ

**રોકડ** અને મોબાઇલ સહિત રૂ.71.4 હજારનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

વડોદરા શહેરના પ્રતાપનગરમાં ડભોઈ રોડ પર ઝેનિથ સ્કૂલ પાસે ત્રિમૂર્તિ ફ્લેટની દીવાલ નજીક પતરાના શેડ નીચે ચાલતા વરલી મટકાના જુગાર પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

વડોદરા શહેરમાં ગેરકાયદે દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવા પોલીસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમો સક્રિય થઈ છે. જેના ભાગરૂપે પી.આઈ બી.એચ. રાઠોડની ટીમે દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી રોકડા રૂ.45 હજાર, છ મોબાઈલ ફોન અને જુગારનું સાહિત્ય સહિત રૂ.71.4 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસે અજયભાઈ ઉર્ફે બોડીયો ભાઈલાલભાઈ પટેલ (રહે. પ્રતાપનગર), નજુભાઈ ઉમરભાઈ મલેક (રહે. પાણીગેટ), કનૈયાલાલ અમરતલાલ ગોહિલ (રહે. કિશનનગર, ડભોઈ રોડ), શ્રવણકુમાર રામપાલ પટેલ (રહે. સોમતલાવ), ચંદ્રકાંત ઉર્ફે ચંદુ પુનમભાઈ માળી (રહે. નવાપુરા, ભાટ ફળિયા) અને ભાવસિંહ કરશનભાઈ રાઠવાની ધરપકડ કરી હતી. આ ઉપરાંત રંજનભાઈ નોખેલાલ વર્મા અને રોહિત રંજન વર્મા સહિત અન્ય એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ મામલે વાડી પોલીસે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### વડોદરામાં જળસંકટના એંધાણ! આજવાની સપાટી ૨૦૬.૬૪ ફૂટે પહોંચતાં તંત્રની ચિંતા વધી

# આજવા સરોવરનું સ્તર ઘટતાં દિવાળી બાદ પાણીની કટોકટીની ભીતિ

**જિલ્લામાં** સિઝનનો માત્ર ૭૦.૯૧ ટકા વરસાદ નોંધાયો

**નર્મદાના** પાણી પર ફરી નિર્ભર રહેવાની શક્યતા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

ચાલુ વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન વડોદરા જિલ્લામાં સંતોષકારક વરસાદ ન વરસવાને કારણે સમગ્ર જિલ્લા સહિત શહેરમાં પાણીની ગંભીર અછત સર્જાવાની શક્યતાઓ ઊભી થઈ છે. વડોદરા જિલ્લામાં આ વર્ષે સિઝનનો માંડ ૭૦.૯૧ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે, જેની સીધી અને માઠી અસર વિસ્તારના જળાશયોના જળસ્તર પર જોવા મળી રહી છે. મોટાભાગના ડેમોમાં અગાઉના વર્ષોની સરખામણીએ પાણીનો જથ્થો ઘણો ઓછો હોવાથી આગામી સમયમાં પીવાના પાણીના પ્રશ્ને ગંભીર ચિંતા ઊભી થઈ છે.

વિશેષ કરીને વડોદરા શહેરના પૂર્વ વિસ્તારની જીવાદોરી સમાન ગણાતા આજ વા સરોવરની સ્થિતિ અત્યંત ચિં તાજનક બની છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં એટલે કે ચોમાસું પૂર્ણ થયા બાદ આજવા સરોવર સંપૂર્ણ ભરાયેલું રહેતું હોય છે, પરંતુ આ વર્ષે તેની સપાટી ઘટીને આજે સવારે ૧૧ વાગ્યે ૨૦૮.૬૪ ફૂટ સુધી નીચે ઉતરી ગઈ છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, સરોવરમાં સામાન્ય રીતે આવી નીચી સપાટી ફેબ્રુઆરી મહિનામાં જોવા મળતી હોય છે, પરંતુ આ વખતે ઓક્ટોબરના પ્રારંભે જ જળસ્તર ઘટતાં તંત્રની ઊંઘ ઉડી ગઈ છે. પૂર્વ વિસ્તારના નાગરિકોને દૈનિક ૧૫૦ એમએલડી પાણી પુરવઠાની જરૂરિયાત રહે છે, જે સંજોગોમાં દિવાળીના તહેવારો બાદ આ વિસ્તારના લોકોને પાણીની અછતનો સામનો કરવો પડે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે પૂરતા વરસાદના અભાવે આજવા સરોવર તેની મહત્તમ ૨૧૪ ફૂટની પૂર સપાટી સુધી પહોંચી જ શક્યું નહોતું અને પાણીનો સંગ્રહ માત્ર ૨૧૦.૫૦ ફૂટ સુધી જ સીમિત રહ્યો હતો. ભૂતકાળની વિગતો તપાસીએ તો વર્ષ ૨૦૧૮ બાદ પ્રથમ વખત એવી સ્થિતિ સર્જાઈ હતી કે જ્યારે સરોવરની સપાટી ઘટીને ૨૦૫ ફૂટ જેટલી નીચી જતી રહી હતી. તે સમયે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નાગરિકોની તરસ છીપાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ પાસેથી વધારાનું નર્મદાનું પાણી ખરીદવાની ફરજ પડી હતી. જો વર્તમાન પરિસ્થિતિ લાંબો સમય ચાલુ રહેશે તો ફરી એકવાર તંત્રએ નર્મદાના પાણી પર નિર્ભર રહેવું પડશે.

**આંકડાકીય માહિતી**

વડોદરા જિલ્લામાં વરસાદ
**સિઝનનો ૭૦.૯૧ ટકા**

આજવા સરોવરનું જળસ્તર
**૨૦૮.૬૪ ફૂટ**

મહત્તમ સપાટી
**૨૧૪ ફૂટ**

પૂર્વ વિસ્તારની દૈનિક જરૂરિયાત
**૧૫૦ એમએલડી**

ગુજરાતનાં જળાશયો
**૧૪૦ ડેમમાં ૭૦ ટકાથી ઓછો જળસંગ્રહ**

માત્ર વડોદરા જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યના જળાશયોની સ્થિતિ પર નજર કરીએ તો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના આંકડા મુજબ ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૮૯.૧૯ ટકા વરસાદ નોંધાયો છે, જે ગત વર્ષના ૧૦૯.૫૨ ટકાની સરખામણીએ નોંધપાત્ર રીતે ઓછો છે. રાજ્યના કુલ ૨૦૬ નાના-મોટા જળાશયોમાંથી ૧૪૦ ડેમોમાં હાલ પાણીનો જથ્થો ૭૦ ટકાથી પણ ઓછો ઉપલબ્ધ છે, જ્યારે માત્ર ૪૫ જળાશયો જ એવા છે જેમાં ૯૦ ટકાથી વધુ પાણી સંગ્રહાયેલું છે. આ સમગ્ર સ્થિતિને ધ્યાનમૂકમાં રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ પાણીના યોગ્ય આયોજન, કરકસરભર્યા ઉપયોગ અને સુચારૂ વિતરણ અંગે અત્યંત કડક પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

### સાયખા GIDCમાં સ્થિત સિનઝીલ ફાર્માકેમ કંપીની ભયાનક વિસ્ફોટ

# હાઈડ્રોજીનેશન પ્રક્રિયા દરમિયાન બ્લાસ્ટ, ૫ કામદારોનાં મોત, ૫ ગંભીર રીતે દાઝયા

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 17

ભરૂચના વાગરા તાલુકાની સાયખા GIDC સ્થિત સિનઝીલ ફાર્માકેમ કંપનીમાં ગત રાત્રે હાઈડ્રોજીનેશન પ્રક્રિયા દરમિયાન પ્રચંડ વિસ્ફોટ થતાં પાંચ કામદારોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય પાંચ કામદારો દાઝતાં ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રે આશરે 10:30થી 11 વાગ્યાની વચ્ચે પ્લાન્ટમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ આશરે 15 કિલોમીટર દૂર સુધી સંભળાયો હોવાનો દાવો કરાયો છે. કંપનીની મશીનરીના ભાગો વેરવિખેર થઈ ગયા હતા, જ્યારે આસપાસની કંપનીઓનાં સ્ટ્રક્ચર પણ હલી ઊઠ્યાં હતાં.

DYSP ડૉ. અનિલ સીસારાએ જણાવ્યું હતું કે આગની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતકોમાં ભાવિક વસાવા, અર્જુન કુમાર (ઉ.વ.20), અનિકેત કુમાર (ઉ.વ.22), જયદીપ પટેલ અને વૃંદ તલાવિયાનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોમાં પ્રિયાંશુ કુમાર, પવન કુમાર (ઉ.વ.26),



પ્રતીક પ્રજાપતિ, મોસમ કુમાર અને શિવ દયાલનો સમાવેશ થાય છે. વાગરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ફાયર વિભાગ, FSL અને DISH વિભાગની ટીમો સાથે તપાસ હાથ ધરી છે. વિસ્ફોટનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલી રહી છે. સ્થાનિક રહેવાસી અમરસિંહ રાજેએ દુર્ઘટનામાં જાન ગુમાવનારા કામદારોના પરિવારોને યોગ્ય વળતર આપવાની માંગ કરી હતી. ઘટનામાં જાનહાનિ અને વળતરને લઈને સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.